Government of Gujarat

# FEE REGULATORY COMMITTEE (TECHNICAL)

*Constituted under Section 9(1) of the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 (Gujarat Act No. 2 of 2008)*

2nd Floor, Room No. 126, ACPC Building, L. D. College of Engineering Campus, Opp. Gujarat University, Navrangpura, Ahmedabad 380015

**Phone:** 079-26302937 **Fax:** 079-26304118 **Email:** frctechguj@gmail.com **Website:** www.frctech.ac.in

NO: FRC/Circular/47

**પરિપત્ર :-** **તા. ૦૭/૦૩/૨૦૧૭.**

ફી નિયમન સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્યની યાદી જણાવે છે કે રાજ્યમાં સ્વ-નિર્ભર ધોરણે ટેકનીકલ પ્રોફેશનલ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ માટે પ્રવેશ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ ની ફી નિયત કરવા માટેની ઓનલાઈન દરખાસ્ત મંગાવવા માટેની પ્રક્રિયા શરુ કરવામાં આવેલ છે. સમિતિ ખાતેનાં હાલ ઉપલબ્ધ ડેટા-બેઈજ મુજબના સ્પોન્સરિંગ બોડી અને તેમના અધિકૃત વ્યક્તિઓનાં નોંધાયેલા ઈ -મેઈલ અને મોબાઈલ નંબરની યાદી સમિતિની વેબસાઈટ પર તા.૧૪/૧૨/૨૦૧૬ મુકાયેલ હતી અને તેમાં સુધારા માટે તા.૩૦/૧૨/૨૦૧૬ સુધીની મુદત અપાયેલ હતી. તે મુજબ સુધારાયેલ યાદી પ્રમાણે અધિકૃત વ્યક્તિઓને તેમના નોંધાયેલા ઈ -મેઈલ અને મોબાઈલ નંબર પર જરૂરી ક્રેડેન્શીયલ મોકલી આપવામા આવેલ છે. દરખાસ્ત માટેની જરૂરી માહિતી અને આનુંષાગિક પ્રક્રિયા સમિતિના વેબ-પોર્ટલ પર તા.૦૭/૦૩/૨૦૧૭ થી ૨૪/૦૩/૨૦૧૭ દરમ્યાન સંલગ્ન સ્પોન્સરિંગ બોડી અને તેના હેઠળની તમામ સંસ્થાઓએ સમયસર પૂર્ણ કરવાની રહેશે અને તેની હાર્ડ કોપી, જરૂરી બિડાણો સાથે, તા. ૨૮/૦૩/૨૦૧૭ સુધી સમિતિ ની કચેરી ખાતે રૂબરૂ માં જમા કરવાની રહેશે.

જે સ્પોન્સરિંગ બોડી /સંસ્થાઓ કે જેઓ ગુજરાત રાજ્ય નાં કાયદા નં. ૨ , ૨૦૦૮ હેઠળ સમાવેશ કરાયેલ અભ્યાસક્રમો ચલાવે છે (આવા અભ્યાસક્રમોની યાદી સમિતિની વેબ સાઈટ http://www.frctech.ac.in પર ઉપલબ્ધ છે) અને સમિતિ ખાતેના હાલ ઉપલબ્ધ ડેટા-બેઈજ મુજબના સ્પોન્સરિંગ બોડી/ સંસ્થા મા સમાવેશ થયેલ નથી અથવા તો ચાલુ વર્ષે નવી સંસ્થાઓ કે હયાત સંસ્થાઓ માં નવા પ્રોગ્રામ શરુ કરાયેલ હોય તેવા તમામે ફી નિયમન સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્યની કચેરી રૂમ નં. ૧૨૬, બીજો માળ, પ્રવેશ સમિતિ બિલ્ડીંગ, એલ.ડી.ઈજનેરી કોલેજ કેમ્પસ , અમદાવાદ ખાતે તા. ૧૪/૦૩/૨૦૧૭ સુધીમા જરૂરી દસ્તાવેજો અને વિનંતી પત્ર સાથે , રૂબરૂ માં સંપર્ક કરવાનો રહેશે.

જે સ્પોન્સરિંગ બોડી /સંસ્થાઓ કે જેઓ ગુજરાત રાજ્ય નાં કાયદા નં. ૨ , ૨૦૦૮ હેઠળ નોટીફાય થયેલ અભ્યાસક્રમો ચલાવે છે અને ફી નિયમન સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્ય પાસે ફી નિયત કરાવેલ નથી, તેઓ સામે ગુજરાત રાજ્ય નાં કાયદા નં. ૨ , ૨૦૦૮ ની લાગુ પડતી જોગવાઈઓ મુજબ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામે નોંધ લેવા વિનંતી છે.

(signature)
ઓફિસર ઓન સ્પેશીયલ ડ્યુટી.